| | |
|---|---|
| દાખલ તારીખ:– | ૦૭ / ૦૩/૨૦૨૬ |
| રજીસ્ટ્રેશન તારીખ:– | ૦૭/૦૩/૨૦૨૬ |
| ફેસલ તારીખ:– | ૧૨ / ૦૩/૨૦૨૬ |
| સમય ગાળો:– | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૦ ૦૫ |

**મે.મહેસાણાના ત્રીજા એડીશનલ સેસન્સ જજ, મુ. વિસનગરની કોર્ટમાં**

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબર:– ૧૪૨/૨૦૨૬**
**આંક:– ૦૪**

અરજદાર:– **ઠાકોર રમેશજી સોમાજી,**
ઉ.વ.આ. ૬૧ ,ધંધો– ખેતી,
રહે. સીપોર, તરાડવાસ,
તા. વડનગર , જી.મહેસાણા.

વિરુધ્ધ

સામાવાળા :– **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત:– ધી લીમીટેશન એકટની કલમ–૫ મુજબ વિલંબ માફ કરવા અરજ.**

| | |
|---|---|
| અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી | :– એમ.જી.ઠાકોર. |
| સામાવાળા વિધ્વાન એ.પી.પી.શ્રી | :– જે.બી.રાજપુત. |

**–: ઠ રા વ:–**

(૧).. વિદ્ધાન વડનગરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રી નાઓએ અરજદારની મુદદામાલ અરજ નંબર–૪૭/૨૦૨૫થી કરેલ જે તા.૧૫–૦૯–૨૦૨૫ના રોજ નામંજુર કરેલ છે. જે હુકમ સામે ક્રિમીનલ રીવીજન દાખલ કરવામાં ૪ માસ ૧૦ દિવસનો વિલંબ થયેલ હોય તે વિલંબ માફ કરવા લીમીટેશન એક્ટની

કલમ–૦૫ અન્વયે પ્રસ્તુત અરજી દાખલ કરેલ છે.

(૨).. પ્રસ્તુત અરજીની ધોરણસર નોટીસ બજતાં અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી એમ.જી.ઠાકોર હાજર રહેલ છે. તેમજ સામાવાળા સરકાર તરફે વિદ્વાન એડિ. પી. પી. શ્રી જે.બી.રાજપુત નાઓ હાજર થયેલા છે.તેઓએ વિલંબ અરજી મંજુર થવા સામે વાંધો લીધેલ છે. વધુમાં વિલંબના યોગ્ય કારણો જણાવેલ નથી. જે સામે રીવીજન કરવામાં ૪ માસ ૧૦ દિવસ જેટલો વિલંબ કરેલ છે. જેથી વિલંબ મંજુર કરી શકાય નહિ. વિકલ્પે હેવી કોસ્ટ સાથે મંજુર કરવા રજુઆત કરેલ છે. ખર્ચનો જરૂરી હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૩).. રેકર્ડ જોતાં અરજદાર **ઠાકોર રમેશજી સોમાજી**ને ૪ માસ ૧૦ દિવસના વિલંબથી પ્રસ્તુત રીવીજન દાખલ કરેલ છે. વળી વિલંબ અંગે જરૂરી ખુલાસો પણ કરેલ છે. આ સંજોગોમાં અરજદારની રીવીજન વિલંબ જેવા ટેકનીકલ કારણસર નામંજુર કરવાના બદલે તે ગુણદોષ ઉપર નિર્ણીત થાય તે જરૂરી અને આવશ્યક છે. જે તમામ હકીકત ધ્યાને લેતાં અરજદાર **ઠાકોર રમેશજી સોમાજી**ની વિલંબ માફીની અરજી ખર્ચ સાથે મંજુર કરવામાં આવે તો ન્યાયીક નિર્ણય થયેલ ગણાશે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

## // હુકમ //

**(૧)..** અરજદાર **ઠાકોર રમેશજી સોમાજી**ની ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૧૪૨/૨૦૨૬ ની આથી **મંજુર** કરવામાં આવે છે.

**(૨)..** અરજદાર **ઠાકોર રમેશજી સોમાજી** નાએ રૂા. ૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) ખર્ચ પેટે હુકમ તારીખથી દિન–૦૭ માં ડી.એલ.એસ.એ.મહેસાણામાં જમા કરાવવાની શરતે રીવીજન દાખલ કરવામાં થયેલ ૪ માસ ૧૦ દિવસ નો વિલંબ માફ કરવામાં આવે છે.

(૩).. રજીસ્ટ્રારશ્રીએ અરજદારની રીવીજન રજીસ્ટરે નોધવી.

આ હુકમની એક નકલ રીવીજન સાથે રાખવી.

હુકમ આજરોજ તા. ૧૨મી માહે– માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

( પ્રવિણભાઈ જોઈતાભાઈ ચૌધરી )
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ ,**
**મહેસાણા, મુ.વિસનગર.**
UIC No.GJ–00661

તા. ૧૨ / ૦૩ /૨૦૨૬

સ્થળ: વિસનગર

પી.એસ.,શીતલ.એ.જોષી.